BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી – અમદાવાદ


(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)



# જ્ઞાનગંગા

## ન્યૂઝ લેટર











વર્ષ : ૧૪ અંક : ૪૭ ડિસેમ્બર : ૨૦૨૦

# યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.
અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.
સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.
સંસ્કારોની સુગંધ મહેકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ ભવ્ય રાષ્ટ્ર નિર્માણ ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ... ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...



# કુલપતિશ્રીની કલમે...

પ્રિય વિદ્યાર્થી મિત્રો,

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સાથે વિદ્યાર્થી તરીકે જોડાવા બદલ આપ સૌનું હાર્દિક સ્વાગત કરું છું અને શુભકામનાઓ પાઠવું છું. ગુજરાત સરકારના ભગીરથ પ્રયાસોથી ઈ.સ. ૧૯૯૪માં સ્થાપિત ગુજરાતની આ એક માત્ર ઓપન યુનિવર્સિટી પોતાની સ્થાપનાનાં (૨૫) વર્ષ પૂર્ણ કરી ચૂકી છે, ત્યારે ગુજરાતના ખૂણે ખૂણે પહોંચી શિક્ષણ મેળવવા ઇચ્છતા એક મોટા વર્ગની શિક્ષણ પિપાસા તૃપ્ત કરી શકે છે, તે ખરેખર ગર્વની બાબત છે. સમાજના પ્રત્યેક વર્ગને શિક્ષણની સમાન તક આપી 'સૌ ભણે, સુખ લણે!'ના સૂત્રને ચરિતાર્થ કરીને આ યુનિવર્સિટીએ ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીને એક ઉચિત અંજલિ આપી છે. યુનિવર્સિટીની આ વિદ્યાયાત્રામાં આપ પણ સહયાત્રી થયા છો, તે બદલ અભિનંદન.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ ક્રમિક રીતે નોંધપાત્ર વિકાસ સાધ્યો છે. એક ખૂબ નાના ભવનમાં શરૂ થયેલી આ યુનિવર્સસિટી આજે ભૌતિક સુવિધાઓ અને ટેકનોલોજીથી સુસજ્જ અદ્યતન પરિસરમાં કાર્યરત છે. સમય સાથે કદમ મિલાવીને આજે યુનિવર્સિટીએ ઓનલાઈન પ્રવેશ, કેશલેસ કેમ્પસ, વર્ચ્યુઅલ ક્લાસરૂમ વગેરે જેવા અનેક આધુનિક પ્રકલ્પો સિદ્ધ કર્યા છે. યુનિવર્સિટી સ્ટેટ ઓફ ધ આર્ટ – ચૈતન્ય સ્ટુડિયોમાં વિદ્યાર્થીઓ માટે ઉત્તમ ગુણવત્તાના શૈક્ષણિક ઓડિયો વિઝ્યુઅલ કાર્યક્રમનું નિર્માણ થાય છે અને તે ગુજરાત સરકારની 'વંદે ગુજરાત-૧૬ ચેનલ' પરથી પ્રસારિત થાય છે. યુનિવર્સિટી દ્વારા આવા શૈક્ષણિક કાર્યક્રમો 'સ્વાધ્યાય ટેલિવિઝન' અને 'સ્વાધ્યાય રેડિયો'ના માધ્યમથી કથક, કમ્પ્યૂટર, પ્રૂફ રીડિંગ, યોગ, નેચરોપથી, નામુ વગેરે જેવા વૈવિધ્યસભર ઓનલાઈન અભ્યાસક્રમો નિઃશુલ્ક પૂરા પાડ્યા છે.


ડૉ. બાબાસાહેબ એવું દૃઢપણે માનતા હતા કે કોઈ પણ સમાજનો વિકાસ તે સમાજની મહિલાઓના વિકાસ પર નિર્ભર છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં મહિલાઓના અધ્યયનને પ્રોત્સાહન આપવા વિશિષ્ટ અભ્યાસક્રમો છે અને ઓછી ફીથી ભણવાની વ્યવસ્થા પણ છે. વધુમાં ખૂબ જ નજીકના ભવિષ્યમાં યુનિવર્સિટી પ્રત્યેક અભ્યાસક્રમોનું નવીનીકરણ કરવા જઈ રહી છે અને અનેક ઉપયોગી અને અદ્યતન અભ્યાસક્રમો અને વિશેષ તે નવા ઓનલાઈન અભ્યાસક્રમો પણ શરૂ કરવા જઈ રહી છે, જે ગુજરાતભરના વિદ્યાર્થીઓ માટે નવી તકો પૂરી પડશે અને આજના પડકારો માટે સુસજ્જ બનાવશે. યુનિવર્સિટી પોતાના પરિસરમાં પણ વિદ્યાર્થીઓ માટે અભ્યાસકેન્દ્ર શરૂ કરવા જઈ રહી છે, જ્યાં વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ પરામર્શનનો અનુભવ મેળવી શકશે. યુનિવર્સિટી દ્વારા વિશિષ્ટ-દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સ્પેશ્યલ લર્નર સેન્ટર શરૂ કર્યું છે, જે એક આગવો પ્રકલ્પ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અન્ય શૈક્ષણિક સંસ્થાઓ, ઉદ્યોગગૃહો, આઈટી કંપનીઓ વગેરે સાથે એમઓયુ કરીને વિદ્યાર્થીઓને વધુ તક મળે એવા પ્રયાસો કરી રહી છે. શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચે કડી રૂપ ભૂમિકા ભજવવા માટે પણ યુનિવર્સટી સતત પ્રયાસરત છે.

યુનિવર્સિટી દ્વારા સોશિયલ મીડિયા જેવાં માધ્યમો સાથે મોબાઈલ એપનો પણ ઉપયોગ કરી દરેક સંભવ માધ્યમ દ્વારા ગુજરાતના દરેક ખૂણે, દરેક જનસમૂહ તથા દરેક વયજૂથ સુધી પહોંચાડવા માટે અથાગ પ્રયત્ન કરી રહી છે. આ ઉપરાંત ક્રેડિટ ટ્રાન્સફર દ્વારા (S.Y./T.Y./M.A./ Part -૦૨માં) સીધો પ્રવેશ મેળવી શકે છે. ઓન ડિમાન્ડ એક્ઝામ દ્વારા વિદ્યાર્થીઓની ભણવાની તકો, વ્યાપમાં વધારો અને સુવિધાનો વધારો કરી મૈત્રીપૂર્ણ વાતાવરણ ઊભું કરવાની દિશામાં અગ્રેસર બની છે. ગુજરાતભરમાં અલગ – અલગ પ્રાદેશિક કેન્દ્રો રાજકોટ, ભુજ, સુરત, પાટણ, છોટાઉદેપુર અને ભાવનગર આમ છ (૬) કેન્દ્રોને કાર્યરત કરી વિદ્યાર્થીઓ અને અભ્યાસકેન્દ્રો વચ્ચેના તાલમેળને વધુ સુસજ્જ કરવાનો પણ નમ્ર પ્રયાસ કર્યો છે.

શિક્ષણની ગુણવત્તાને વધારવા અને શિક્ષણ પ્રદાન કરતી પ્રક્રિયાની ગુણવત્તા વધારવા શિક્ષણશાસ્ત્રીઓ, નોકરીદાતાઓ તથા વિદ્યાર્થીઓ તરફથી આવતી ટિપ્પણીઓ અને સૂચનો પર હું હૃદયપૂર્વક ધ્યાન આપીશ. હું સમાજના દરેક હિસ્સેદારને આ જ્ઞાનની અવિરત યાત્રામાં સાથે જોડાવા માટે આમંત્રણ પાઠવું છું.

કુલપતિશ્રી
પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## મહાત્મા ગાંધી સ્મૃતિ વ્યાખ્યાન : સ્મૃતિ વંદના કાર્યક્રમ




ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ૦૨/૧૦/૨૦૨૦ના રોજ મહાત્મા ગાંધીના જન્મદિન નિમિત્તે ગાંધી સ્મૃતિ વ્યાખ્યાન વર્ચ્યુઅલ માધ્યમથી આયોજન કરવામાં આવ્યું હતું. માન. કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ સ્મૃતિ વ્યાખ્યાનના મુખ્ય વક્તા ડૉ. વિશાલ ભાદાણી હતા. જેઓ ઈન્ટરનેશનલ સેન્ટર ફોર અપ્લાઈડ ગાંધીયન સ્ટડીઝ, લોકભારતી, સણોસરાના નિયામક ઉપરાંત અંગ્રેજી સાહિત્યના અભ્યાસી છે તથા અંગ્રેજી સાહિત્યના અભ્યાસી હોવાની સાથે શિક્ષણ, સાહિત્ય, ફિલોસોફી અને અનુવાદ જેવા ક્ષેત્રમાં રસપૂર્વક સક્રિય છે. ધ્રુવ ભટ્ટની નવલકથાઓ ‘અકૂપાર અને ‘તિમિરપંથીના અંગ્રેજીમાં અનુવાદ ઉપરાંત દર્શકના ઈતિહાસ અને કેળવણી વિચાર પર તેમણે ઉલ્લેખનીય કામ કર્યું છે.

ડૉ. વિશાલ ભાદાણીએ સાંપ્રત સમયમાં ગાંધીજીની જીવનશૈલી અને રચનાત્મક કાર્યોની ભૂમિકા ઉદાહરણ સહિત પ્રસ્તુત કરી હતી. યુનિવર્સિટી કક્ષાના વિદ્યાર્થીઓ માટે અસરકારક કહી શકાય તેવી સાર્થક પ્રસ્તુતિનો નોંધપાત્ર સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ લાભ લીધો. અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજી વક્તાશ્રીના વક્તવ્યનું સમીક્ષાત્મક અભિવાદન કરવાની સાથે ગાંધીજીના જીવન વિચારને રોજબરોજના આચરણમાં ઉતારવા પર ભાર મૂક્યો હતો.










# ડૉ. બાબાસાહેબ આંબેડકર નિર્વાણ દિવસ નિમિત્તે નેશનલ વેબિનાર

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા ૭૧મા ભારતીય સંવિધાન દિવસની ઉજવણીના ઉપક્રમે ડૉ. બાબાસાહેબ આંબેડકરના નિર્વાણદિન તારીખ ૦૬/૧૨/૨૦૨૦ને રવિવારના રોજ ૧૨:૦૦ કલાકે **आज का भारत, संविधान और बाबासाहब आंबेडकरजी** વિષય ઉપર ઓનલાઈન નેશનલ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજી દ્વારા આંબેડકરના વિચારોની સમજણ આપવામાં આવી હતી. ડૉ. ચંદ્રકાન્તા માથુર, (રાજ્યશાસ્ત્રના અધ્યાપિકા, શ્યામાપ્રસાદ મુખર્જી કૉલેજ, દિલ્હી યુનિવર્સિટી), દ્વારા આંબેડકર અને મહિલાઓના હક વિશે વક્તવ્ય આપ્યું હતું. તો શ્રી કિશોરભાઈ મકવાણા (લેખક, કોલમિસ્ટ તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના બોર્ડ મેમ્બર) દ્વારા આંબેડકરજીના જીવન ઉપર વક્તવ્ય આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં અધ્યાપિકા ડૉ. અર્ચના મિશ્રા દ્વારા કરવામાં આવ્યું હતું. નેશનલ વેબિનાર ફેસબુક પર લાઈવ કરવામાં આવ્યો હતો.






શ્રી કિશોર મકવાણાએ તેમના અભ્યાસપૂર્ણ વ્યક્તવ્યમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની લગભગ સાડા છ દાયકાની વિદ્યાયાત્રા—જીવનયાત્રાને અભ્યાસપૂર્ણ અંજલિ આપી હતી. વડોદરાના મહારાજા સયાજીરાવ સમક્ષ યુવાનવયે જ સમાજોદ્ધાર માટે અર્થશાસ્ત્ર અને અન્ય માનવ વિદ્યાઓનું ઉચ્ચશિક્ષણ મેળવવા બાબાસાહેબના અભિલાષને વક્તાશ્રીએ આદરપૂર્વક વ્યક્ત કર્યો હતો. કારકિર્દીના પ્રારંભથી જ પીડિતોના ઉત્કર્ષ માટે સમર્પણભાવથી કૃતસંકલ્પ જીવન સમગ્ર માનવજાત માટે સમર્પણભાવથી આજીવન સક્રિય રહેલું, તેની વાત કરીને કિશોરભાઈએ સ્વતંત્રતા, બંધુતા, સમાનતાના પાયા પર રાષ્ટ્રના ઉત્કર્ષ માટેના મહાનાયક આંબેડકરજીના ચોસઠમા નિર્વાણદિનની સાર્થક ઉજવણી કરવા બદલ શ્રી કિશોર મકવાણાએ યુનિવર્સિટી પ્રત્યે ધન્યવાદની લાગણી વ્યક્ત કરી હતી.

વેબિનારના બીજા વક્તા, દિલ્હી યુનિવર્સિટીના રાજ્યનીતિશાસ્ત્ર વિષયના પ્રો. (ડૉ.) ચંદ્રકાન્તા માથુરજીએ નારી વિકાસમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના યોગદાનની વાત વણી લીધી હતી. વંચિત સમુદાયની મહિલાઓ ઉપરાંત ભદ્રવર્ગની મહિલાઓની અવગણનાની દીર્ઘ પરંપરાને ઓળખી ચૂકેલા ડૉ. બાબાસાહેબ આંબેડકરે નારી ઉત્કર્ષ માટે બંધારણમાં સમાન દરજ્જાની જોગવાઈ કરી તેનો ઉલ્લેખ આદરપૂર્વક કર્યો હતો. સતીપ્રથા, દાસીપ્રથા, કુરિવાજો અને અંધશ્રદ્ધાથી ગ્રસ્ત સમાજમાં મહિલા શિક્ષિત થાય તે અનિવાર્યતા સમજનાર દેશહિત ચિંતકોમાં આંબેડકરજી પ્રથમ હરોળમાં હતા. એ વાત પર તેમણે ભાર મૂક્યો, નોકરિયાત મહિલાઓને માતૃત્વપ્રાપ્તિના દિવસોમાં ખાસ રજાઓ મળે તેની કાયદેસરની જોગવાઈઓના મૂળમાં સંવિધાનના શિલ્પકાર ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની ન્યાયપૂર્ણ દૃષ્ટિનો ફાળો હતો એ સૌએ ભૂલવાનું નથી તે વક્તાશ્રીએ ખાસ જણાવ્યું હતું. પ્રચલિત હિન્દુ કોડ બિલ સંદર્ભે મહિલાઓના અધિકારની સુરક્ષા અંગે આંબેડકરજીએ કરેલી કાયદાકીય જોગવાઈઓનો વિગતે ઉલ્લેખ કર્યો હતો; જેમાં પૈતૃક સંપત્તિમાં દીકરીનો અધિકાર જેવી અતિખ્યાત ઉપલબ્ધિઓ સામેલ છે. અલબત્ત, ૧૯૫૨માં હિન્દુ કોડ બિલ પસાર ન થયું, તેથી ડૉ. બાબાસાહેબ આંબેડકરે સાંસદ તરીકે નારાજગી દર્શાવી રાજીનામું આપ્યું તે વિગતોની યોગ્ય મૂલવણી આ વ્યાખ્યાનમાં થઈ.

માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયે અધ્યક્ષીય ઉદબોધનમાં બંને વક્તાઓના અભ્યાસપૂર્ણ વક્તવ્ય બદલ આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરવાની સાથે રાજ્યની એકમાત્ર ઓપન યુનિવર્સિટી આંબેડકરજી જેવી મહાન વિભૂતિનું નામાભિધાન પામી છે, તે બદલ ધન્યતા અનુભવવાની સાથે જવાબદારી વહનની વાત પણ કરી હતી. રાજ્યના વિશાળ વિદ્યાર્થી સમુદાય સાથે જોડવાની સાથે સાથે વંચિતોના વિભિન્ન સમુદાયમાં આવતા, અવગણના પામેલા લોકોની સંખ્યા સમાજમાં ઓછી નથી. સમાજના મુખ્ય પ્રવાહમાં તેમને લાવવા માટે ઉચ્ચશિક્ષણની તકો સમાન રીતે સૌને માટે ઉપલબ્ધ થાય તેવો સંકલ્પ કાર્યાન્વિત કર્યો હોવાનું અપીલપૂર્વક જણાવ્યું હતું. ટ્રાન્સજેન્ડર સમુદાયના લોકો જે શિક્ષણ મેળવવા ઈચ્છે છે. તેમના માટે શિક્ષણની સુવિધા દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના વંચિતો માટેના શોષણમુક્ત સમાજના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં યુનિવર્સિટીના સાર્થક પ્રયાસનો ઉલ્લેખ કર્યો હતો.

ડૉ. અર્ચના મિશ્રાએ વેબિનારનું સુચારુ ઢબે સંચાલન કરવાની સાથે બંને વક્તાઓનો પરિચય કરાવ્યો હતો. આભારદર્શન વ્યક્ત કરતી વખતે ટેકનિકલ સહાયરૂપ કમ્પ્યૂટર વિભાગના નિયામક શ્રી ડૉ. નિલેશ મોદી તથા સહભાગી સર્વેનો વિશેષ આભાર માન્યો હતો. યુનિવર્સિટીના અધ્યાપક ગણ તથા વિદ્યાર્થીઓએ વેબિનારનો સાર્થક રીતે લાભ લીધો હતો.







# ભારતીય બંધારણ દિવસ નિમિત્તે પુસ્તક પ્રદર્શન

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા ૭૧મા ભારતીય બંધારણ દિવસની ઉજવણીના ઉપક્રમે તારીખ ૨૬/૧૧/૨૦૨૦ને ગુરુવારના રોજ ઓનલાઈન આમુખ વાંચનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગ્રંથાલયમાં બપોરે ૩:૦૦ કલાકે પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેમાં યુનિવર્સિટીના કુલપતિ પ્રો.ડૉ. અમી ઉપાધ્યાય, યુનિવર્સિટીની વિવિધ સ્કૂલના નિયામકો અને ડાયરેક્ટર એકેડેમિક દ્વારા પુસ્તક પ્રદર્શનનું ઉદ્‌ઘાટન અને દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના તમામ અધ્યાપકો અને કર્મચારીઓએ પુસ્તક પ્રદર્શનમાં રસપૂર્વક ભાગ લીધો હતો.

















# ભારતીય બંધારણ અને બંધારણના ઘડવૈયા
# ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના જીવન-કવન પર આધારિત ઓનલાઈન ક્વીઝ


ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત **UGC**ના તા. ૨૨-૧૧-૨૦૧૯ના પત્ર અન્વયે ૭૧મા ભારતીય બંધારણ દિવસની સ્મૃતિ ઉજવણીના ઉપક્રમે તા. ૧૧/૧૨/૨૦૨૦ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે 'ભારતીય બંધારણ અને બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરજી'ના વિષય આધારિત ઓનલાઈન ક્વિઝનું આયોજન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ ક્વિઝમાં આશરે ૫૮૮ વિદ્યાર્થીઓ ઉપરાંત યુનિવર્સિટીના શૈક્ષણિક-બિનશૈક્ષણિક કર્મચારીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અને તે તમામ સ્પર્ધકોને ઓનલાઈન સર્ટિફિકેટ પણ અપાયાં હતાં.

તમામ સહભાગીઓએ આ ક્વીઝને ખૂબ જ આનંદપૂર્વક માણી હતી. આ ક્વિઝને બહોળો પ્રતિસાદ મળ્યો હતો તથા આ ક્વિઝમાં ભાગ લેનાર ઉમેદવારોએ ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવાનું હતું. રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ ક્વિઝ શરૂ કરવા માટેની લિંક ઉમેદવારના ઈ-મેઈલ પર આપોઆપ પહોંચી જાય તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. સવારે ૧૧:૦૦ કલાકથી ૧૨:૦૦ કલાક સુધી લિંક એક્ટિવ રાખવામાં આવી હતી. આ ક્વિઝના પ્રશ્નોનું મૂલ્યાંકન ઓનલાઈન આપોઆપ થાય તથા ૪૦%થી વધારે ગુણ મેળવેલ ઉમેદવારોને ક્વિઝ પૂર્ણ થાય કે તરત જ ઈ–સર્ટિફિકેટ મળે તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સફળ આયોજન માટે ડૉ. પ્રિયાંકી વ્યાસ અને ડૉ. હિમાંશુ પટેલ તેમજ માર્ગદર્શન અને મંજૂરી આપવા બદલ માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીનો આભાર માનવામાં આવ્યો હતો.





## 'ભારતીય બંધારણ અને બંધારણના ઘડવૈયા
## ડૉ. બાબાસાહેબ આંબેડકરજી ઓનલાઈન સુવિચાર-સૂત્ર (સ્લોગન) સ્પર્ધા

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત **UGC**ના તા.૨૨-૧૧-૨૦૧૯ના પત્ર અન્વયે ૭૧મા ભારતીય બંધારણ દિવસની સ્મૃતિ ઉજવણીના ઉપક્રમે તા.૨૮/૧૨/૨૦૨૦થી તા.૦૫/૦૧/૨૦૨૧ સુધી 'ભારતીય બંધારણ અને બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરજી'ના વિષય આધારિત સુવિચાર (સ્લોગન) સ્પર્ધા (હરિફાઈ)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ હરીફાઈમાં સુવિચારો ઈ-મેઈલ દ્વારા મગાવવામાં આવ્યા હતા. આ હરિફાઈમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટીના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમાં અંદાજિત ૬૫ જેટલાં સુવિચાર-સૂત્રો આવ્યાં હતાં. આ સુવિચારોનું મૂલ્યાંકન ડૉ. યોગેન્દ્રભાઈ પારેખ (અધ્યક્ષ, ગુજરાતી વિભાગ) અને ડૉ. હેતલબેન ગાંધી (આસિસ્ટન્ટ પ્રોફેસર – ગુજરાતી) દ્વારા કરવામાં આવ્યું હતું. આવેલ સુવિચારોમાંથી નીચે મુજબ દર્શાવેલ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલ. ઉત્તીર્ણ થયેલ શ્રેષ્ઠ ત્રણ સૂત્રો લખનારાં વિદ્યાર્થીઓનાં નામ આ પ્રમાણે છે.

૧. આમિર શેખ – પ્રથમ
'हर फूल को शामिल कर के वह बाग़ाबान बना है,
बाबासाहब के तामिरों से यह हिन्दुस्तान बना हैं!!

૨. રાજવી કાપડિયા – દ્વિતીય
'भलाई का जिसमें है विधान, वही है भारतीय संविधान!

'Be Educate, Be Agitate, Be Organize.
'नहीं मानता मैं हिन्दू और मुसलमान को, में तो मानता हूँ सिर्फ भारतीय संविधान को!

૩. શ્રુતિ મનોજકુમાર સુતરિયા – તૃતીય
'મણકા જેવું આ સમાજજીવન, જો દોર મહીં પરોવાયે,
સ્વસ્થ સુગંધી સમાજ મળશે, એને બંધારણ માળા કહેવાય.

'વગર કાયદે પશુપક્ષી પણ જીવે જોને નીતિથી,
માનવજીવન પણ મહેકાયે, જો રહે બંધારણ રીતિથી.


ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને ઈ-સર્ટિફિકેટ પણ અપાયાં હતાં. આ કાર્યક્રમનું સફળ આયોજન માટે ડૉ. પ્રિયાંકી વ્યાસ અને ડૉ. હિમાંશુ પટેલના માર્ગદર્શન થયું હતું. આ સમગ્ર કાર્યક્રમને પ્રોત્સાહન અને સહકાર માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજી દ્વારા પૂરા પાડવામાં આવ્યા હતા.




# ૭૧મા ભારતીય બંધારણ દિવસ ઉજવણી


ભારત સરકાર દ્વારા ભારતના બંધારણને અપનાવવાની સ્મૃતિના ભાગ રૂપે તથા ૭૧મા ભારતીય બંધારણ દિવસની ઉજવણી કરવા ભારતીય બંધારણના આમુખના વાંચનનું આયોજન ભારતના મહામહિમ રાષ્ટ્રપતિજીની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું, જેનું જીવંત પ્રસારણ DD News પર તા. ૨૬/૧૨/૨૦૨૦ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટી દ્વારા આ પ્રસારણ વિદ્યાર્થીઓ અને જન સમુદાય માટે પોતાના ફેસબુક પેજના માધ્યમથી નિહાળવા માટે ઉપલબ્ધ કરવામાં આવ્યું હતું.


ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ભારતીય બંધારણના આમુખના વાંચનનું આયોજન વર્ચ્યુઅલ માધ્યમથી માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયની અધ્યક્ષતામાં તા. ૨૬/૧૨/૨૦૨૦ના રોજ ૧૦:૪૫ કલાકે આયોજન કરવામાં આવ્યું હતું જેમાં યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ તથા સર્વે અધ્યાપકશ્રીઓ દ્વારા ઉત્સાહભેર ભાગ લેવામાં આવેલ તથા ડૉ. પ્રિયાંકી વ્યાસ દ્વારા ભારતીય બંધારણના આમુખનું વાંચન કરવામાં આવેલ હતું. ભારતના મહાન બંધારણના સ્વપ્નદ્રષ્ટા આર્કિટેક્ટ ડૉ. બી. આર. આંબેડકરજીને શ્રદ્ધાંજલિ અર્પી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ સમગ્ર વર્ચ્યુઅલ કાર્યક્રમનું સંચાલન ડૉ. હિમાંશુ પટેલ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.










# સંસ્કૃત 'ભાષાપ્રવેશઃ'નું લોકાર્પણ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને સંસ્કૃતભારતી ગુજરાતના સંયુક્ત ઉપક્રમે તા.૨૨/૧૨/૨૦૨૦ના રોજ ઓનલાઈન સંસ્કૃત 'ભાષાપ્રવેશઃ'નું લોકાર્પણ માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજી અને સંસ્કૃતભારતીના પશ્ચિમ ક્ષેત્રના સંગઠન મંત્રીશ્રી હિમાંજયભાઈ પાલીવાલજીના ના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. વિશ્વ વિખ્યાત સંસ્કૃત પુસ્તક 'ભાષાપ્રવેશઃના ઓડિયો-વિઝ્યુઅલ સામગ્રી (વિડિયોઝ)નું નિર્માણ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ચૈતન્ય સ્ટુડિયોમાં કરાયું છે. બધા પાઠ પીપીટી અને અભિનય દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે, જેથી સામાન્ય બાળક પણ સંસ્કૃત ખૂબ જ સરળતાથી શીખી શકે.

આ સાહસમાં આગળ વધતાં પરોપકારના હિતમાં તૈયાર કરવામાં આવેલ ઓડિયો -વિઝ્યુઅલ સામગ્રીના પ્રકાશન- ઉદ્ઘાટન સમારોહમાં અધ્યક્ષસ્થાને માન. કુલપતિ, પ્રો. ગોપબંધુ મિશ્રાજી (શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી), માનનીય કુલપતિશ્રી પ્રો. (ડો.) અમી ઉપાધ્યાયજી તેમજ શ્રી હરીશભાઈ ઠક્કરજી (સંસ્કૃતરંગી NIMC સંસ્થાના ટ્રસ્ટી) પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સંસ્કૃતભારતી કાર્યકર શ્રી નીતિનભાઈ આચાર્યજીને હૃદયપૂર્વક આમંત્રણ અપાયું હતું, તેમણે કાર્યક્રમની દરખાસ્ત કરી હતી. આ કાર્યક્રમનું સંચાલન સંસ્કૃત અધ્યાપક ડૉ. આનંદ પંડ્યાએ સુગમ રીતે કર્યું હતું. બધા આમંત્રિત વિદ્વાનોના સહયોગથી સંસ્કૃત ભાષાના પ્રચાર અને પ્રસાર માટે સંયુક્ત ઉપક્રમે નિર્માણ થયેલ ઓડિયો-વિઝ્યુઅલ સામગ્રીનું ઇ-લોકાર્પણ કરાયું હતું. આ બધા વિડિયો સંસ્કૃતભારતી અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની યુટ્યૂબ ચેનલ પર ઉપલબ્ધ છે.









## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત
## ‘ભારતીય ભાષા, કળા અને સંસ્કૃતિને મજબૂત બનાવવી’ પર રાષ્ટ્રીય વેબિનાર

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને ભારતીય યુનિવર્સિટીઓના સંગઠને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં જાહેર કરાયેલા ઉચ્ચ શિક્ષણના વિશેષ સંદર્ભમાં તા. ૨૯/૧૨/૨૦૨૦ના રોજ ‘ભારતીય ભાષાઓ, કળા અને સંસ્કૃતિને મજબૂત બનાવવી’ વિષય પર વેબિનારનું આયોજન કર્યું હતું. માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય અને AIUનાં મહાસચિવ શ્રીમતી ડૉ. પંકજ મિત્તલે તેમના પ્રેરણાદાયી શબ્દોથી આ પ્રસંગને વધાવ્યો હતો.

મુખ્ય વક્તાઓમાં માનનીય કુલપતિશ્રી રમેશકુમાર પાંડે (લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ), માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) બળવંત જાની, (હરિસિંહ ગૌર વિશ્વવિદ્યાલય) શ્રી ચાંદકિરણ સલુજા, (એસોસિયેટ પ્રોફેસર, દિલ્હી યુનિવર્સિટી), શ્રી અતુલ કોઠારીજી, (રાષ્ટ્રીય સચિવ, શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ) હતા. આ મહાનુભાવોએ પોતાનાં પ્રવચનોમાં સંબોધન કર્યું હતું કે ભારતીય કળા અને સંસ્કૃતિને પ્રોત્સાહન ફક્ત રાષ્ટ્ર માટે જ નહીં, પરંતુ તેમના પોતાનો સાંસ્કૃતિક વરસો, ઈતિહાસ, કળાઓ, ભાષાઓ અને પરંપરાઓ અને વિજ્ઞાનના વિકાસના મજબૂત અર્થ માટે પણ મહત્ત્વપૂર્ણ છે અને એ દ્વારા વિદ્યાર્થીઓ સકારાત્મક સાંસ્કૃતિક ઓળખને આત્મગૌરવથી જોઈ શકશે. તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ તેમની શિક્ષણ અને શીખવાની પદ્ધતિઓમાં સમાન રીતે આ નવી શિક્ષણ નીતિને લાગુ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.




## કૉમનવેલ્થ વાઇઝ વિમેન પ્રોજેક્ટના ભારતીય ભાગીદાર તરીકે BAOUની પસંદગી થઈ





ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને વાઈસ ચાન્સેલરના રૂપમાં મહિલા નેતૃત્વ સાંપડ્યું છે અને તેઓ મહિલા-વિકાસને સંબંધિત તથા સામાજિક સુધારાની પ્રવૃત્તિઓ માટે હંમેશાં પ્રયત્નશીલ રહ્યાં છે. તેના જ પરિપાક રૂપે BAOUને એક પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ પ્રાપ્ત થયો છે. કેનેડામાં મુખ્ય મથક ધરાવતી કોમનવેલ્થ સાથે જોડાયેલી સંસ્થાના કોમનવેલ્થ વાઈઝ વિમેન પ્રોજેક્ટમાં ભારતના સહભાગી તરીકે BAOUની પસંદગી કરવામાં આવી છે. ૨૫ નવેમ્બર, ૨૦૨૦ના રોજ આ અંગેની અધિકૃત જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ અંતર્ગત સ્થાનિક સ્તરે સફળ અને પ્રભાવી મહિલાઓ જરૂરિયાતમંદ તથા ક્ષમતાવર્ધન કરવા ઉત્સુક મહિલાઓને માર્ગદર્શન પૂરું પાડશે તથા તેમને આગળ વધવા માટે જરૂરી પ્રોત્સાહન, મદદ પણ પૂરી પાડશે. આ પ્રોજેક્ટથી અનેક યુવતીઓ અને મહિલાઓ લાભાન્વિત થશે અને પોતાના વ્યક્તિગત લક્ષ્યો હાંસલ કરવા માટે સક્ષમ બનશે.

## નવી શિક્ષણ નીતિ સંદર્ભે ઓપન યુનિવર્સિટીની ભૂમિકા અંગે વેબિનાર

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ૪ નવેમ્બર, ૨૦૨૦ના રોજ એક રાષ્ટ્રીય સ્તરના વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વેબિનારની થીમ હતી – 'રોલ એન્ડ રિસ્પોન્સિબિલિટી ઑફ ઓપન યુનિવર્સિટીઝ વિથ સ્પેશિયલ રેફરન્સ ટુ નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦'. વેબિનારના અધ્યક્ષસ્થાનેથી ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ નવી શિક્ષણ નીતિ સંદર્ભે વેબિનારના આયોજન અંગે ખુશી વ્યક્ત કરી હતી અને શુભેચ્છાઓ પાઠવી હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયે સૌનું સ્વાગત કર્યું હતું અને ઓપન યુનિવર્સિટીની નવી શિક્ષણ નીતિના પરિપ્રેક્ષ્યમાં બદલાયેલી ભૂમિકાની પ્રાસંગિક વાત કરી હતી.

વેબિનારના મુખ્ય વક્તાઓ તરીકે શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના માનનીય રાષ્ટ્રીય સચિવ શ્રી અતુલભાઈ કોઠારી તથા એસોસિયેશન ઑફ ઈન્ડિયન યુનિવર્સિટીઝનાં જનરલ સેક્રેટરી શ્રી પંકજ મિત્તલજીએ મનનીય મુદ્દાઓ રજૂ કર્યા હતા. વક્તાઓએ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલીકરણમાં રાજ્યોની ઓપન યુનિવર્સિટીઓની ભૂમિકા અંગે છણાવટ કરી હતી.

વેબિનારમાં રાષ્ટ્રીય સ્તરના શિક્ષણકારો, અધ્યાપકો, સંશોધકો, વિદ્યાર્થીઓ વગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા. વેબિનારની રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવામાં આવી હતી.




## સ્વયમ/સ્વયમ-પ્રભા અંગે ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તારીખ ૨૧-૧૨-૨૦૨૦ના રોજ બપોરે ૩:૦૦ કલાકે માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીના માર્ગદર્શન અંતર્ગત સ્વયમ/સ્વયમ-પ્રભા એજ્યુકેશન પ્લેટફોર્મ માટે ઓનલાઈન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ચાલતા અભ્યાસક્રમોનું રાષ્ટ્રીય કક્ષાએ કઈ રીતે પ્રસારણ થઈ શકે તેવી તાલીમ આપવામાં આવી હતી તેમજ સ્વયમ/સ્વયમ-પ્રભા અંગે વિગતે માહિતી તથા ટેક્નીકલ માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

આ તાલીમમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજી, યુનિવર્સિટીના નિયામકશ્રીઓ તેમજ અધ્યાપકશ્રીઓ ઉત્સાહપૂર્વક જોડાયાં હતાં. આ તાલીમ વર્ચ્યુઅલ માધ્યમથી યુનિવર્સિટીના કમ્પ્યૂટર વિભાગના અધ્યાપક શ્રી નિલેશ બોખાણી દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.




# 'શિક્ષણમાં રંગભૂમિની ભૂમિકા' પર વ્યાખ્યાન


ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા. ૦૪/૧૨/૨૦૨૦ના રોજ બપોરે ૦૪:૦૦ કલાકે વર્ચ્યુઅલ માધ્યમથી 'ઇન પર્સ્યુટ ઓફ એક્સેલન્સ લેક્ચર સિરીઝ' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાન શ્રેણીમાં 'ધ થેસ્પિયન ટેલ્સઃ રોલ ઓફ થિયેટર ઇન એજ્યુકેશન' ('શિક્ષણમાં રંગભૂમિની ભૂમિકા') વિષય પર ચર્ચાઓ થઈ હતી.

આ વ્યાખ્યાન શ્રેણીમાં વક્તા તરીકે શ્રી અભિનય બેન્કર જોડાયા હતા. જેઓ થિયેટર ડિરેક્ટર, નાટ્યકાર, પટકથા લેખક અને અભિનેતા તરીકે કાર્યરત છે. તેઓ ગુજરાતમાં પ્રાયોગિક થિયેટરના પ્રયોગકર્તા તરીકે જાણીતા છે. તે 'આરંભ આર્ટ એકેડેમી' નામની થિયેટર કંપનીના સ્થાપક અને ડિરેક્ટર પણ છે. તો ગુજરાતની વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં થિયેટર આર્ટ્સના અધ્યાપક છે. તેમણે ફ્રાંસ, ઇટાલી, અમેરિકા અને જર્મની જેવા વિવિધ દેશોના ઘણા કલાત્મક દિગ્દર્શકો સાથે કામ કર્યું છે.

અભિનયજીએ 'શિક્ષણમાં રંગભૂમિની ભૂમિકા' વિશે વાત કરી હતી. અભિનયજીએ વિદ્યાર્થીઓના જીવનમાં થિયેટરની જરૂરિયાત અને પરફોર્મિંગ આર્ટ્સ વિશે વાત કરી. તેમણે થિયેટર અને ફિલ્મ નિર્દેશન, અભિનય અને સ્ક્રિપ્ટલેખનના પોતાના અનુભવો રજૂ કર્યા. તેમણે નાટક અને અભિનય, સામાજિક અને વૈશ્વિક ચિંતાઓને દૂર કરવામાં કેવી રીતે મદદરૂપ થઈ શકે છે તેની ચર્ચા પણ કરી. તેમણે 'અકૂપાર', 'ચલતા ફિરતા મુંબઈ', 'કસ્તૂરબા' વગેરે જેવાં તેમનાં નાટકોનો પણ ઉલ્લેખ કર્યો, તેમણે વિવિધ કલાકારોને પરફોર્મિંગ આર્ટ્સ દ્વારા શીખવવા પર ભાર મૂક્યો. તેમણે કોવિડ ૧૯ને કારણે લોકોના નાજૂક માનસિક સ્વાસ્થ્ય પર શ્રોતાઓનું ધ્યાન દોર્યું અને કહ્યું કે, ''આપણા દૈનિક જીવનમાં અભિવ્યક્તિઓ માટે કોઈ જગ્યા નથી, જે માનસિક સ્વાસ્થ્ય માટે ખૂબ નુકસાનકારક છે. થિયેટર અને પરફોર્મિંગ આર્ટ્સ ભાવનાત્મક અભિવ્યક્તિઓ માટેનાં સ્થાનો છે. તે કેથાર્સિસનું કામ કરે છે.''

અભિનયજીના મનનીય વક્તવ્ય પછી માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયે 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ'માં ચોસઠ કલાઓના સમાવેશનો ઉલ્લેખ કર્યો. તેમણે થિયેટર, નૃત્ય અને અન્ય પરફોર્મિંગ આર્ટ્સ ક્ષેત્રે આગામી સર્ટિફિકેટ, ડિપ્લોમા અને ડિગ્રી અભ્યાસક્રમોની જાહેરાત કરી. તેમણે આગામી 'રેસિનેસ્યિલ પરફોર્મિંગ આર્ટ્સ' વર્કશોપ વિશે પણ વાત કરી. ત્યારબાદ શ્રોતાઓ તરફથી પ્રશ્નોત્તરી કરવામાં આવી અને તેના સંતોષકારક ઉત્તરો પણ મળ્યા. અંતે વક્તા અભિનય બેન્કરનો આભાર માનવામાં આવ્યો. આ વ્યાખ્યાન શ્રેણીનું સંચાલન ડૉ. દિપલ પંડયા (સહાયક અધ્યાપક – અંગ્રેજી) દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર વેબિનાર વર્ચ્યુઅલ પ્લેટફોર્મના માધ્યમથી ખૂબ સફળ રહ્યો.







## લક્ષ્મી પૂજન

તા. ૧૩/૧૧/૨૦૨૦ને શુક્રવારના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીમાં શૈક્ષણિક અને અભ્યાસગત પ્રવૃત્તિ સિવાય સામાજિક પરંપરા મુજબ ધાર્મિક તહેવારોની પણ ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવે છે. યુનિવર્સિટીની પરંપરાને ધ્યાનમાં રાખીને ધનતેરસ નિમિત્તે લક્ષ્મી પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ધનતેરસના દિવસે ભગવાન ધનવંતરી તથા લક્ષ્મીજીનું પૂજન કરવામાં આવે છે. આ પાવન અવસર પર યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાયના શુભ હસ્તે સવારે ૯:૦૦ કલાકે શુભ મુહૂર્તમાં પૂજન કાર્ય આરંભાયું હતું. જેમાં યુનિવર્સિટીના કા.કુલસચિવશ્રી ભાવિનભાઈ ત્રિવેદી, યુનિવર્સિટીના બોર્ડ મેમ્બર ડૉ. પંકજ શુક્લાજી, શ્રી ભાવિકભાઈ બારોટજી, યુનિવર્સિટીના સર્વે નિયામકશ્રીઓ, અધિકારીશ્રીઓ અને તમામ કર્મચારીઓ જોડાયા હતા. આ શુભ અવસરે યુનિવર્સિટીના અધ્યાપક શ્રી નિગમભાઈ પંડ્યા અને શ્રી આનંદભાઈ પંડ્યાએ શાસ્ત્રોક્ત અનુસાર પૂજન વિધિ સુંદર રીતે સંપન્ન કરી હતી. આ પાવનપર્વની ઉજવણી બાદ પ્રસાદ લઈને નવા વર્ષની તથા દીપાવલી પર્વની શુભકામનાઓ આપી સહુ છૂટાં પડ્યાં હતાં.





## જામનગર ફેક્ટરી એસોસિએશન સાથે વિચાર-વિમર્શ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાયે જામનગરમાં બ્રાસ ઉદ્યોગના પ્રતિનિધિઓ સાથે ડેલિગેશન સાથે સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર સ્થાપવા મુલાકાત લીધી હતી. જામનગરના ફેક્ટરી ઓનર્સ એસોસિએશન અને જી.આઈ.ડી.સી. ફેસ-૨ એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે બ્રાસ ઉદ્યોગની હાલની સ્થિતિમાં સ્થાનિક લોકોને વધુ રોજગારી મળે અને પરપ્રાંતિયો પર નિર્ભર રહેવાને બદલે લોકલ સ્કીલ ધરાવતા ઉમમેદવારોને રોજગારી મળે તે દિશામાં ખાસ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વિચારી રહી છે. જામનગરમાં નાના-મોટા ૪થી ૫ હજાર એકમો બ્રાસપાર્ટના ચાલી રહ્યા છે.

રોજગારીની વાત કરવામાં આવે તો બ્રાસ ઉદ્યોગથી ૪થી ૫ લાખ લોકોના ગુજરાન ચાલી રહ્યા છે. જામનગરના બ્રાસ ઉદ્યોગમાં બનેલ ચશ્માના સ્ક્રુથી માંડીને એરક્રાફ્ટના પાર્ટ એક્સપોર્ટ થાય છે. આ ઉપરાંત બ્રાસનો મોટો સ્ક્રેપ અને મશીનરીઓ પણ ઈમ્પોર્ટ થાય છે. તેવા સમયે સ્થાનિક લોકોને સ્કીલ ડેવલપ કરી બ્રાસ ઉદ્યોગમાં નવી પેઢીને વધુ પગભર બનાવવા તેમજ સાહસિકો તૈયાર કરવા જામનગરના બ્રાસ ઉદ્યોગના પ્રતિનિધિઓ અને ડૉ. બાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા રોડમેપ તૈયાર કરવા વિચાર-વિમર્શ કરાયો છે. આ મુલાકાત દરમ્યાન બ્રાસ ઉદ્યોગની હાલની જરૂરિયાતો અને વિકાસની જુદી-જુદી બાબતો પર પણ ખાસ ચર્ચાઓ થઈ હતી. અને જામનગરના ફેક્ટરી ઓનર્સ એસોસિએશન દ્વારા પણ આ મુલાકાતને સકારાત્મક ગણાવવામાં આવી રહી છે.





# વિદ્યાર્થીઓને અનેક સુવિધાઓ આપતું એકલવ્ય-સ્ટુડન્ટ સપોર્ટ પોર્ટલનું લોન્ચિંગ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી હરહંમેશાં વિદ્યાર્થીઓની સુગમતાને ધ્યાનમાં રાખીને વ્યવસ્થાઓ વિચારતી હોય છે. કોવિડ-૧૯ની મહામારીને કારણે દૂરવર્તી શિક્ષણની માગ વધી રહી છે ત્યારે યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓ માટે એકલવ્ય-સ્ટુડન્ટ સપોર્ટ પોર્ટલ લોન્ચ કર્યું છે. આ પોર્ટલ થકી વિદ્યાર્થીઓ માત્ર એક જ સ્થાનેથી તેમને જરૂરી તમામ વિગતો મેળવી શકશે, જરૂરી દસ્તાવેજો ડાઉનલોડ કરી શકશે. આ પોર્ટલનો ઉપયોગ પણ એકદમ આસાન છે, વિદ્યાર્થીઓ માત્ર લોગ-ઈન કરીને પોતાની પ્રોફાઈલ જોઈ શકશે, પ્રવેશ અંગેની જાણકારી મેળવી શકશે, સ્ટડી સેન્ટરની વિગતો મેળવી શકશે, અભ્યાસક્રમની ફી સહિતની માહિતી મેળવી શકશે. તેઓ પોતાના આઈડી કાર્ડ, સેલ્ફ લર્નિંગ મટિરિયલ, વિષય નિષ્ણાતનાં વક્તવ્યો, અસાઈનમેન્ટ, ગુણપત્રક, જૂનાં વર્ષનાં પેપર્સ વગેરે ડાઉનલોડ પણ કરી શકશે. આ પોર્ટલ થકી તેમને નોટિફિકેશન, એલર્ટ્સ પણ મળ્યા કરશે. ક્વેરી બોક્સ, સજેશન બોક્સ, ફીડબેક, હેલ્પડેસ્ક જેવી સુવિધા પણ ઉપલબ્ધ થશે.







આ આઈટીસી અનેબલ્ડ ટૂલ દરેક વિદ્યાર્થીઓ માટે અનેક સુવિધાથી સભર છે, જેની વિસ્તૃત જાણકારી નીચે આપેલી છે:

આ આઈટીસી અનેબલ્ડ ટૂલ દરેક વિદ્યાર્થીઓ માટે અનેક સુવિધાથી સભર છે, જેની વિસ્તૃત જાણકારી નીચે આપેલી છે:

o પ્રોફાઈલ જોઈ શકાશે - વિદ્યાર્થીઓ પોતાની વ્યક્તિગત વિગતો જાતે જોઈ શકશે.
o. પ્રવેશ - પ્રવેશ પ્રક્રિયા તથા પ્રવેશ મળ્યો છે કે નહીં, તેની જાણકારી મેળવી શકશે.
o ફી - અભ્યાસક્રમની સત્ર તેમજ વર્ષ દીઠ ફી અંગેની માહિતી ઉપલબ્ધ થશે.
o અભ્યાસક્રમ - યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમની વિગતો પ્રાપ્ત કરી શકશે.
o સ્ટડી સેન્ટર્સની વિગતો, શહેર-ગામ-સંસ્થાનાં નામ અને સરનામાં
o ઓળખપત્ર - વિદ્યાર્થી પોતાનું ઓળખ પત્ર જાતે ડાઉનલોન કરી શકશે.
o અસાઈન્મેન્ટ - વિદ્યાર્થીઓને અસાઈન્મેન્ટની જાણકારી મળશે, તેઓ પોતાના અસાઈન્મેન્ટ્સ અપલોડ કરી શકશે.
o પરીક્ષા - વિદ્યાર્થીઓને પરીક્ષાની તારીખો તથા અન્ય વિગતો પ્રાપ્ત કરી શકશે.
o પરિણામ - વિદ્યાર્થીઓને પરિણામની જાણકારી મળશે. તેઓ પ્રાપ્ત કરેલા માર્ક્સ અંગે પણ જાણી શકશે. પરીક્ષાનું વર્ષ મુજબનું પરિણામ ડાઉનલોડ કરી શકશે.
o અગાઉનાં વર્ષના પેપર્સ પણ ડાઉનલોડ કરી શકશે.
o વિદ્યાર્થીઓ અહેવાલ જોઈ શકશે, ડાઉનલોડ કરી શકશે.
o સ્ટડી મટિરિયલ - વિદ્યાર્થીઓ અભ્યાસ સાહિત્ય, સ્ટડી મટિરિટલ ડાઉનલોડ કરી શકશે.

# દિવ્યાંગોની ક્ષમતાની ઉજવણી




ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ જ્યારે આખું વિશ્વ ૩, ડિસેમ્બરના રોજ 'વિશ્વ અક્ષમતા દિવસની ઊજવતું હતું ત્યારે દિવ્યાંગ વ્યક્તિઓમાં રહેલી વિશિષતાઓને પિછાણી તેમની 'ક્ષમતા'ને ઊજવવાનું નક્કી કર્યું. પરિણામરૂપ પાંચ દિવસનું પ્રદર્શન કમ-સેલનું આયોજન ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સંચાલિત 'અત્રિ' સ્પેશ્યલ લર્નર સપોર્ટ સેન્ટર દ્વારા યુનિવર્સિટી પરિસરમાં જ કરવામાં આવ્યું હતું. અંધજન મંડળ, બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ ફોર મેન્ટલ હેલ્થ અને નવજીવન દિવ્યાંગ બાળકોની સંસ્થા જેવી ત્રણ માતબર સંસ્થાના દિવ્યાંગ વ્યક્તિઓ દ્વારા બનાવેલી હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવ્યું.

પ્રદર્શનનું ઉદ્‌ઘાટન માન. કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીના હસ્તે કરવામાં આવ્યું. સૌ મહેમાનોનું સ્વાગત અંધજન મંડળના દિવ્યાંગજન શ્રી સચેતભાઈ ગાંધી દ્વારા કંકુ અક્ષતથી કરવામાં આવ્યું. સદર પ્રદર્શનનો લહાવો યુનિવર્સિટીના તમામ સભ્યો ઉપરાંત તેમના પરિવારજનોએ પણ લીધો અને ઉત્સાહપૂર્વક પ્રદર્શનની મુલાકાત-ખરીદી કરી હતી. કાર્યક્રમ થકી સહભાગી થનારી ત્રણેય  સંસ્થાઓનો ઉત્સાહ વધવા પામ્યો હતો. સંસ્થાઓએ પોતાના પ્રતિભાવોમાં સ્વીકાર્યું કે યુનિવર્સિટી દ્વારા આટલો અભૂતપૂર્વ પ્રતિસાદ અપાશે, તેની તેમને કલ્પના સુધ્ધાં ન હતી. આ સમગ્ર પ્રદર્શનનું આયોજન 'અત્રિ' સ્પેશ્યલ લર્નર સપોર્ટ સેન્ટરના સંયોજક ડૉ. નિગમ પંડ્યાએ માન. કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજી અને નિયામક (SS) ડૉ. આવા શુક્લાજીના માર્ગદર્શન હેઠળ કર્યું હતું.

# 'ઈમર્જિંગ સ્ટાર્ટઅપ ઈન્ક્યુબેટર ઑફ ધ યર'નો સ્પેશિયલ એવોર્ડ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાયનું વાઈસ ચાન્સેલર તરીકે નેતૃત્વ મળ્યા બાદ એક પછી એક અનેક એવોર્ડ-સન્માનો પ્રાપ્ત થતાં રહ્યા છે, જેમાં વધુ એકનો ઉમેરો ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ થયો. યુનિવર્સિટી દ્વારા સ્ટાર્ટઅપ તથા ઈનોવેશનને અપાઈ રહેલા પ્રોત્સાહનને ધ્યાનમાં રાખીને વ્યાપાર જગત એવોર્ડ દ્વારા અપાતો  પ્રતિષ્ઠિત 'ઈમર્જિંગ સ્ટાર્ટઅપ ઈન્ક્યુબેટર ઑફ ધ યર'નો સ્પેશિયલ એવોર્ડ આ વર્ષે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને એનાયત કરાયો. કંઈક નવું અને સર્જનાત્મક કરવા માટે હંમેશાં યુનિવર્સિટી દ્વારા પ્રોત્સાહન અપાતું રહ્યું છે તથા સમયની સાથે સ્ટાર્ટઅપમાં પણ સક્રિય ભૂમિકા રહી છે, તેના ફળ સ્વરૂપે યુનિવર્સિટીને આ સન્માન પ્રાપ્ત થયું છે.







અમદાવાદ 5

## યુ.જી.-પી.જી.નો અભ્યાસ અધૂરો છોડી દેતા વિદ્યાર્થીઓને ડૉ. આંબેડકર યુનિ. અભ્યાસ પૂરો કરાવશે

# કોલેજનો અભ્યાસ અધૂરો રહી ગયો? ચિંતા ન કરો, જૂની ક્રેડિટ સાથે અભ્યાસ પૂરો કરો







## દિવ્યાંગોની ક્ષમતાની ઉજવણી

નવગુજરાત સમય

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સંચાલિત અતિ સ્પેશિયલ લર્નર સપોર્ટ સેન્ટર દ્વારા યુનિવર્સિટી ખાતે દિવ્યાંગોની ક્ષમતાની ઉજવણી કરતાં પાંચ દિવસના પ્રદર્શન કમ-સેલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંધજન મંડળ, બી.એમ. ઇન્સ્ટિટ્યૂટ ફોર મેન્ટલ હેલ્થ અને નવજીવન દિવ્યાંગ બાળકોની સંસ્થા જેવી ત્રણ સંસ્થાઓ સાથે જોડાયેલી દિવ્યાંગ વ્યક્તિઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી હસ્તકળાની પ્રોડક્ટ્સનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવ્યું હતું. પ્રદર્શનનું ઉદ્ઘાટન કુલપતિ પ્રો.ડો.અમી ઉપાધ્યાયના હસ્તે કરવામાં આવ્યું હતું.

## રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 પર વેબિનાર

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં 'રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦' વેબિનારનું આયોજન કરાયું હતું. વેબિનારમાં ડૉ.પંકજ મિત્તલે કહ્યું કે, વર્તમાન શિક્ષણનીતિને સુધારવા માટે રાજ્ય સરકાર અને યુનિવર્સિટીઓની ૬૦થી ૭૦ ટકા જવાબદારી છે કે શિક્ષકો અને અધ્યાપકોને યોગ્ય તાલીમ આપીને ગુણવત્તા ઉત્તમ બનાવી શકાય છે અને સારું શિક્ષણ પણ આપી શકાય ત્યારે જ નવી શિક્ષણનીતિ સાર્થક બની શકે છે. સ્ટુડન્ટ્સને અનુભવ શિક્ષણ આપવાની જરૂરિયાત છે. અનુભવ શિક્ષણથી કૃષિ તાલીમ, ગૃહઉદ્યોગ, ટેકનિકલ તાલીમ જેવા વિવિધ પ્રકારનું શિક્ષણ આપવું જોઈએ.

### વિદ્યાર્થી-ઉમેદવારોને પોતાના વિસ્તારની આસપાસ અભ્યાસની સુવિધા મળી રહે તેવી વ્યવસ્થા ઊભી કરાશે

# ડો. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી હવે રાજ્યમાં 6 નવા પ્રાદેશિક સેન્ટરો શરૂ કરશે

» પ્રથમ તબક્કામાં રાજકોટ, કચ્છ, પાટણ, સુરત, છોટાઉદેપુર અને ભાવનગરમાં સેન્ટર ઊભા કરી પ્રવેશ, પરીક્ષા અને પરિણામની કામગીરી કરાશે

હેમંત જોશી > અમદાવાદ

રાજ્યમાં ડિસ્ટન્સ લર્નિંગ એજ્યુકેશન આપતી ડો.બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી દ્વારા આગામી દિવસોમાં રાજ્યમાં છ નવા પ્રાદેશિક કેન્દ્ર શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. આ સાથે રાજ્યના જુદા જુદા વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓએ અભ્યાસ માટે અથવા તો અભ્યાસની કોઈપણ પ્રક્રિયા માટે અમદાવાદ સ્થિત યુનિવર્સિટી સુધી આવવામાંથી મુક્તિ મળશે. વિદ્યાર્થીઓને પોતાની આસપાસના જ પ્રાદેશિક સેન્ટર પરથી પ્રવેશથી લઇને પરિણામ સુધીની તમામ પ્રક્રિયા પૂર્ણ કરી શકશે. પહેલા તબક્કામાં રાજકોટ, કચ્છ, પાટણ,



સુરત, છોટા ઉદેપુર (બોડેલી) અને ભાવનગરમાં પ્રાદેશિક સેન્ટર શરૂ કરવામાં આવશે.

રાજ્યમાં હાલમાં ડો.બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીમાં જુદા જુદા પ્રકારના ૬૦થી વધુ કોર્સ ચાલે છે. આ તમામ કોર્સમાં અંદાજે 3 લાખ જેટલા વિદ્યાર્થી-ઉમેદવારો ઓનલાઈન અથવા તો ડિસ્ટન્સ લર્નિંગ મોડથી અભ્યાસ કરી રહ્યાં છે. સામાન્ય રીતે જે વિદ્યાર્થીઓ નિયમિત અભ્યાસ ન કરી શકતા હોય અથવા અભ્યાસ સાથે નોકરી-વ્યવસાય કરતા હોય તેવા ઉમેદવારો ડો. આંબેડકર યુનિવર્સિટીમાં પ્રવેશ લેવાનું પસંદ કરતાં હોય છે. અત્યાર સુધી અમદાવાદમાં આવેલી ડો. આંબેડકર યુનિવર્સિટીમાં પ્રવેશ લીધા બાદ વિદ્યાર્થીઓ તેના માધ્યમથી આપવામાં આવતાં શિક્ષણના આધારે પરીક્ષા આપી શકતાં હતા.

યુનિવર્સિટીનું હેડક્વાર્ટર અમદાવાદ હોવાને કારણે અને તમામ કામગીરી આ સેન્ટરમાં જ થતી હોવાથી રાજ્યના અંતરિયાળ વિસ્તારના ઉમેદવારો-વિદ્યાર્થીઓએ પ્રવેશ લેવા માટે અથવા તો અન્ય કામગીરી માટે અમદાવાદ આવવાની ફરજ પડતી હતી. આ પ્રક્રિયા ગ્રામ્ય વિસ્તારના અનેક ઉમેદવારો માટે મુશ્કેલરૂપ સાબિત થતી હતી. આંબેડકર યુનિવર્સિટી પોતાના વતન કે વિસ્તારના આસપાસ હોય તો મોટી સંખ્યામાં ઉમેદવારો તેમાં પ્રવેશ લેવાનુ પસંદ કરે તેવી શક્યતા વધતા વિદ્યાર્થી-ઉમેદવારોને પોતાના વિસ્તારની આસપાસમાં અભ્યાસને લગતી તમામ વ્યવસ્થા મળી રહે તે માટે હવે યુનિવર્સિટીએ રાજ્યમાં છ નવા પ્રાદેશિક સેન્ટર ખોલવાનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત આગામી દિવસોમાં આ પ્રાદેશિક સેન્ટરોના માધ્યમથી યુનિવર્સિટીમાં પ્રવેશ લઈ શકશે. એટલું જ નહીં, પરંતુ અભ્યાસ, એસાઈનમેન્ટ અને પરીક્ષા પણ પોતાના જ પ્રાદેશિક સેન્ટર પરથી આપી શકશે.

### છેવાડાના વ્યક્તિ સુધી શિક્ષણ પહોંચાડશેઃ કુલપતિ



છ પ્રાદેશિક સેન્ટર શરૂ કરવા અંગે કુલપતિ ડો. અમી ઉપાધ્યાય કહે છે કે, અમદાવાદમાં યુનિવર્સિટીનું મુખ્ય કેન્દ્ર હોવાને કારણે કદાચ કોઇ વ્યક્તિ પહોંચી ન શકે તેવું બને, પરંતુ જો ઘરઆંગણે અથવા તો પોતાના જ વિસ્તારમાં આ પ્રકારની સગવડ મળતી હોય તો અભ્યાસ કરવો સરળ બની જતો હોય છે. જેથી છ નવા કેન્દ્ર શરૂ કરવા અને કામગીરી યુનિવર્સિટીનો જ સ્ટાફ જ કરે તેવું નક્કી કરાયું છે.

### તમામ પ્રાદેશિક કેન્દ્રોમાં હવે યુનિ.નો સ્ટાફ જ હાજર રહેશે

આંબેડકર યુનિવર્સિટી અત્યાર સુધી જુદી જુદી યુનિવર્સિટી સાથે ટાઇઅપ કરીને સેન્ટરો ચલાવતી હતી. આ સેન્ટરો યુનિવર્સિટીના સ્ટાફ દ્વારા જ ચલાવવામાં આવતાં હતા. એટલે કે, આંબેડકર યુનિવર્સિટીનો કોઇ સ્ટાફ રહેતો નહોતો, પરંતુ નવા શરૂ થનારા છ પ્રાદેશિક સેન્ટરમાં હવે પછી આંબેડકર યુનિવર્સિટીનો સ્ટાફ ઉપલબ્ધ રહેશે.

### MSC-IT, જર્નાલિઝમ જેવા કોર્સ શરૂ કરવાની તૈયારી

યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં અંદાજે 3 લાખ વિદ્યાર્થીને ભણાવવા માટે ૧.૫ લાખથી વધારે લેક્ચરનાં વીડિયો રેકોર્ડીંગ કરવામાં આવ્યા છે. માત્ર અંગ્રેજી કે હિન્દી નહીં, પરંતુ તમામ ભાષામાં શિક્ષણ મળી શકે તેવી સુવિધા આ કેન્દ્રોમાં અપાશે. યુનિવર્સિટી દ્વારા એમએસસી-આઇ.ટી., જર્નાલિઝમ, બીએસડબલ્યુ સહિતના 15 નવા કોર્સ શરૂ કરવા માટે દરખાસ્ત કરાઈ છે.

નવગુજરાત સમય Mon, 12 October 2020
https://epaper.navgujaratsamay.com/c/55603768


સંપાદકઃ ડૉ. જાગૃતિ જે. મહેતા | સહસંપાદકઃ ડૉ. દિવ્યેશ વ્યાસ | ઓફસેટઃ દર્શિત શાહ

ફોટોગ્રાફી : ચૈતન્ય સ્ટુડિયો (BAOU)